RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 297, Dt.05-02-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ઝારખંડમાં વિશ્વાસનો મત જીતતી ચંપઈ સરકાર



## સરકારના પક્ષમાં ૪૭ અને વિરોધમાં ૨૯ મત પડયાઃ ઝારખંડ વિધાનસભામાં કુલ ૮૧ સભ્યો છે જેમાં ઝામુમો, કોંગ્રેસ અને રાજદના ગઠબંધનના ૪૭ ધારાસભ્યો છેઃ મારી ધરપકડમાં રાજમહેલ પણ સામેલઃ પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા(JMM)ની આગેવાનીની ચંપઈ સોરેન સરકારે અગ્નિ પરીક્ષા પાસ કરી છે. નવા મુખ્યમંત્રી ચંપઈ સોરેને વિશ્વાસ મત હાંસલ કરી લીધો છે. મહત્વનું છે કે, ફ્લોર ટેસ્ટમાં ભાગ લેવા પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને ઝારખંડ મુક્તિ મોરચા (ઝામુમો)ના નેતૃત્વવાળા સત્તાધારી ગઠબંધનના તમામ ધારાસભ્ય વિધાનસભા હાજર રહ્યાં.

ઝારખંડની ચંપઈ સોરેન સરકારના ફ્લોર ટેસ્ટમાં પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું કે, '૩૧ જાન્યુઆરીનો કાળો દિવસ દેશની લોકશાહીમાં જુદી રીતે જોડાયો. હું જાણું છું ત્યાં સુધી એ દિવસે દેશમાં પહેલીવાર કોઈ મુખ્યમંત્રીની ધરપકડ થઈ. મને લાગે છે કે, આ ઘટનાને અંજામ આપવા માટે ક્યાંક ને ક્યાંક રાજભવન પણ સામેલ છે. જે રીતે આ બધું થયું, તે જાણીને હું આશ્ચર્યચકિત છું.'

ઝારખંડના પૂર્વ સીએમ અને જેએમએમના નેતા હેમંત સોરેને કહ્યું, 'અમે હજુ હાર નથી માની. જો તેઓને લાગે છે કે મને જેલના સળિયા પાછળ ધકેલીને સફળ થશે, તો આ ઝારખંડ છે, જ્યાં દરેક ખૂણે આદિવાસી-દલિત વર્ગના અસંખ્ય સૈનિકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. આજે મારી ૮.૫ એકર જમીન કૌભાંડના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે, જો તેમનામાં હિંમત હોય તો મારા નામે નોંધાયેલ જમીનના દસ્તાવેજો બતાવો, જો આ સાબિત થશે તો હું રાજકારણમાંથી રાજીનામું આપી દઈશ.'

ઝારખંડ વિધાનસભામાં ૮૧ સભ્ય છે, જેમાં ઝામુમો, કોંગ્રેસ અને રાજદના ગઠબંધનના ૪૭ ધારાસભ્ય છે. આ ગઠબંધનને સીપીઆઈએમએલ (એલ) ના એક ધારાસભ્યનું બહારથી સમર્થન છે. ઝામુમો અને ગઠબંધનના ધારાસભ્યો રવિવારે સાંજે જ હૈદરાબાદથી વિશેષ વિમાનમાં રાંચી પહોંચી ગયા હતા. આ તમામ ધારાસભ્યો વિધાનસભામાં વિશ્વાસ મત હાંસલ કરવા પ્રતિબદ્ધતા દાખવી ચૂક્યા હતા.

# ૨૦૦૪ની ચૂંટણીની જેમ ઓવર કોન્ફીડન્સમાં ન રહેતાંઃ નરેન્દ્ર મોદીએ આપી ચેતવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી લોકસભાની ચૂંટણી પહેલા તેમના કેબિનેટ મંત્રીઓને ચેતવણી આપી છે. પીએમ મોદીનું કહેવું કે, મંત્રીઓ કોઈપણ રાજકીય વિશ્લેષકોની વાતમાં ન આવે અને આગામી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરતા રહે. મંત્રીઓને પીએમ મોદી દ્વારા આ સલાહ એવા સમયે આપવામાં આવી છે. જ્યારે અયોધ્યામાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવે દેશભરમાં ભાજપ તરફી માહોલ બનાવી દીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓને કહ્યું કે, જ્યાં સુધી કામ પૂર્ણ ન થઈ જાય ત્યાં સુધી તેને પૂર્ણ ન માની શકાય. પાર્ટીને હજુ પણ ૨૦૦૪ની ચૂંટણીનો ડર સતાવી રહ્યો છે, જ્યાં છેલ્લા તબક્કે ભાજપનું નેતૃત્વ બેદરકારી દાખવી રહ્યું હતું. સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ લોકસભામાં ભાજપ કરતાં માત્ર સાત સીટો વધારે જીતીને સૌથી મોટી પાર્ટી બની હતી અને ૧૦ વર્ષ સુધી સત્તામાં રહી હતી. કોંગ્રેસે યુપીએ ગઠબંધન બનાવ્યું અને મનમોહન સિંહ સતત બે વખત વડાપ્રધાન બન્યા.

વર્તમાન વાતાવરણને જોતા ભાજપ નેતાઓએ અબકી બાર ૪૦૦ પાર જેવા નારા આપવાનું શરૂ કરી દીધું છે. પરંતુ પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સીટોની સંખ્યાને લઈને કોઈ બેદરકારી દાખવવા માંગતા નથી. આ જ કારણ છે કે તેમણે જાતિ પ્રભુત્વ ધરાવતા બિહારમાં જેડી(યુ)ની સાથે ગઠબંધન કર્યું અને ઓડિશામાં બીજેડી સાથે સકારાત્મક માહોલ બનાવવામાં કોઈ કસર છોડી નથી.

વધતી અર્થવ્યવસ્થા અને વૈશ્વિક દબદબાના કારણે મોદી સરકારની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો નથી. જોકે, સરકાર દ્વારા સર્વાંગી કાર્ય કરવામાં આવ્યા હોવા છતાં ભાજપે તેના સમર્થકો મતદાન મથક સુધી પહોંચે અને મતદાન કરે તેની ખાતરી કરવા માટે તેના પેજ પ્રમુખો પર આધાર રાખવો પડશે.

# આવકવેરા વિભાગ કરચોરો પર તૂટી પડશેઃ ટુંક સમયમાં જ હજારો કરદાતાઓને નોટીસો ફટકારાશે

## કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડના ચેરમેનની ગર્ભિત જાહેરાતઃ ટીડીએસ કપાત હોવા છતાં આવકવેરા રિટર્ન નહીં ભરનાર કરદાતા પર ગાળીયો કસાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




આવકવેરા વિભાગ કરચોરો પર તૂટી પડીને ગાળીયો કસવાની તૈયારીમાં છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડના ચેરમેન નીતીન ગુપ્તાએ જ જાહેર કર્યુ છે કે ટીડીએસ કપાત થઈ હોવા છતાં આવકવેરા રીટર્ન ફાઈલ નહીં કરનારા કરદાતાઓને તુર્તમાં નોટીસો ફટકારવામાં આવશે. આવા કરદાતાઓની સંખ્યા અંદાજે દોઢ કરોડની છે. તંત્ર પાસે ચોક્કસ માહિતી છે તેવા કરદાતાઓને નોટીસો પાઠવવામાં આવશે અને તે સંખ્યા હજારોમાં હશે.

સીબીડીટીના વડાએ કહ્યું કે આવકવેરા વિભાગને જંગી માત્રામાં ડેટા મળી રહ્યો છે અને તેના આધારે નમીસમેચથ પકડાઈ રહી છે. કરદાતાએ કોઈ માહિતી ન આપી હોય તો રીટર્ન-ભુલ સુધારવા તાકીદ કરવામાં આવે છે. રીટર્નમાં અધુરી માહિતી પૂર્ણ ભરવાના સંદેશાના આધારે આવકવેરા વિભાગે ૫૧ લાખ કરદાતાઓ પાસેથી ૪૬૦૦ કરોડનો ટેક્સ મેળવ્યો છે.

તેઓએ જણાવ્યું હતું કે, કરદાતાઓને દરેક મોરચે સરળતા રહે તે માટે કરવેરા વિભાગના પ્રયાસો છે. કરદાતાઓને રીફંડ વ્હેલીતકે અપાવા લાગ્યા જ છે. ટેક્સવિવાદ રોકવા માટે રીટર્ન અપડેટ કરવાની પણ સવલત આપવામાં આવી રહી છે. કર્ણાટકના મૈસુરમાં તંત્ર દ્વારા ડીમાંડ મેનેજમેન્ટ સેન્ટર પણ સ્થાપવામાં આવ્યું છે જયાં ૧ કરોડથી વધુના ટેક્સ વિવાદના કેસો પર ફોકસ કરવામાં આવે છે.

વિવાદમાં ચોકકસ પોઈન્ટ પર કરદાતાની સંમતિથી કરવેરા અધિકારીઓ, કરદાતા તથા તેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એમ ત્રણેય પક્ષકારો એકત્રીત થાય છે અને ટેક્સ આકારણીનો વિવાદ સુલઝાવીને સર્વસંમતિ કેળવવાનો પ્રયાસ થાય છે. આ સેન્ટરમાં અત્યાર સુધી કર્ણાટકના જ વિવાદીત ટેક્સ કેસો હાથ પર લેવામાં આવતા હતા પરંતુ હવે દેશભરના વિવાદીત કેસો પર કાર્યવાહી કરવામાં આવી છે. ૨૦૨૨માં આ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ હતું અને અત્યાર સુધીમાં ૨.૫૦ લાખ કેસોનું નિવારણ કરવામા આવ્યું છે.

દરમ્યાન કેન્દ્ર સરકારે બજેટમાં ૨૦૦૯-૧૦ના વર્ષ કરતા જુના વર્ષોની ૨૫૦૦૦ સુધીની ટેક્સ ડીમાંડ તથા ૨૦૧૦-૧૧થી ૨૦૧૪-૧૫ સુધીની ૧૦૦૦૦ સુધીની ટેક્સ ડીમાંડ રદ કરવાનું જાહેર કર્યુ છે તે વિશેનો પરિપત્ર સીબીડીટી તુર્તમાં બહાર પાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહમાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને રજુ કરેલા સામાન્ય અંદાજપત્રમાં વર્ષો જુના નાના ટેક્સ વિવાદો રદ કરીન વહીવટી ઝંઝટ ખત્મ કરવાની દરખાસ્ત કરી હતી. નાની રકમની જુની ટેક્સ ડીમાંડના આવા એક કરોડ કેસ છે જેમાં ૩૫૦૦ કરોડની રકમ છે. કરદાતાઓને એકથી વધુ વિવાદીત ટેક્સ ડીમાંડમાં પણ તેનો લાભ મળવાનો છે પરંતુ જુદી-જુદી ડીમાંડમાં કુલ રકમ ૧ લાખથી વધુ ન થવી જોઈએ તેવી શરત છે.

# જાહેર સંપત્તિને હવે નુકસાન કર્યુ તો ખેર નથીઃ જામીન મળવા પણ મુશ્કેલ બનશેઃ કાયદાપંચે કરી કડક ભલામણ

## જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓ પર સકંજો કસવા કાયદા પંચે કેન્દ્રને ભલામણ કરીઃ જાહેર સંપત્તિ રાષ્ટ્રની સંપત્તિ, કોઈને પણ નુકસાન કરવાનો અધિકાર નહીં : કાયદા પંચ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓ પર સકંજો કસવા કાયદા પંચે કેન્દ્ર સરકારને કડક ભલામણ કરી છે. આરોપી જ્યાં સુધી નુકસાન કરેલી જેટલી રકમ ન ભરે, ત્યાં સુધી તેના જમીન ન કરવા પંચે ભલામણ કરી છે. આ ઉપરાંત પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટમાં પણ સુધારા કરવાની સલાહ આપી છે. આ ભલામણ કાયદા પંચના અધ્યક્ષ જસ્ટિસ ઋતુ રાજ અવસ્થીની આગેવાની હેઠળની કમિટીના રિપોર્ટમાં કરાઈ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, જાહેર સંપત્તિને નુકસાન કરવાના મામલામાં પીડીપીપી કાયદા હેઠળના ગુનાઓ માટે દોષિત ઠેરવવા અને સજાનો ડર પૂરતો નથી.

કાયદા પંચે કહ્યું કે, જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓની જામીનની શરતો વધુ કડક હોવી જોઈએ. જ્યાં સુધી આરોપી સાર્વજનિક સંપત્તિની અંદાજીત રકમ જમા ન કરે, ત્યાં સુધી તેને જામીન આપવામાં ન આવે. કેન્દ્ર સરકારે ૨૦૧૫માં પીડીપીપી એક્ટમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.

ગૃહ મંત્રાલયે જાહેર મિલકત નુકસાન નિવારણ એક્ટ (સુધારો) બિલ-૨૦૧૫નો એક ડ્રાફ્ટ જારી કર્યો હતો અને તે અંગે વાંધા અને સૂચનો માગ્યા હતા. જોકે વર્તમાન એક્ટમાં સુધારાનો પ્રસ્તાવ આગળ વધ્યો નહતો. કાયદા પંચે રિપોર્ટમાં કહ્યુ છે કે, આપણા દેશમાં સાર્વજનિક સંપત્તિને નુકસાન કરવાની ઘટનાઓ મોટાપ્રમાણમાં થાય છે અને હજુ પણ આવી ઘટનાઓ બનતી રહે છે.

પંચે વધુમાં કહ્યું કે, જાહેર સંપત્તિની સુરક્ષા કરવાનો તમામ નાગરિકોનો મૌલિક અધિકાર છે. આ ઉપરાંત તેની સુરક્ષા કરવી તેમના હિતમાં પણ છે. ભલે ગમે તે કારણ હોય, પરંતુ કોઈને પણ જાહેર સંપત્તિ નષ્ટ કરવાની મંજૂરી ન આપી શકાય. સંપત્તિને નુકસાન કરવું સરળ છે, પણ તેને બનાવવી અઘરી છે. રિપોર્ટમાં જાહેર સંપત્તિ રાષ્ટ્રની સંપત્તિ હોવાનો ઉલ્લેખ કરાયો છે અને કહેવાયું છે કે, સંપત્તિને નુકસાન કરવાની બાબતને ગંભીરતાથી લેવું જોઈએ અને ગુનેગારો દંડ કરવો જોઈએ.

# ભારતીય રિઝર્વ બેન્ક રેપોરેટમાં કોઈ ફેરફાર નહીં કરેઃ અર્થશાસ્ત્રીઓનો મત

**મુખ્ય સમાચાર, મુંબઈ**




વચગાળાના બજેટ બાદ ભારતીય રિઝર્વ બેન્ક આરબીઆઈના શોર્ટ ટર્મ લોન રેટ (રેપોરેટ) પર યથા સ્થિતિ ચાલુ રહેવાની સંભાવના છે. વિશેષજ્ઞોનું કહેવુ છે કે કેન્દ્રીય બેઠક આ સપ્તાહે પોતાની આગામી બાય-મંથલી મોનેટરી પોલિસી રેટસમાં કદાચ જ કોઈ ફેરફાર કરે કારણ કે રીટેલ મોંઘવારી હજુ પણ સંતોષકારક ક્ષેત્રનાં ઉપરી સ્તરની નજીક છે.રિટેલ મોંઘવારી જુલાઈ ૨૦૨૩ માં ૭.૪૪ ટકાના ઉચ્ચ સ્તર પર હતી અને ત્યારબાદ તેમાં ઘટાડો થયો છે. જોકે આ હજી પણ વધુ જ છે.રિટેલ મોંઘવારી ડીસેમ્બર ૨૦૨૩ માં ૫.૬૯ ટકા હતી.

સરકારે રિઝર્વ બેન્કને ઈમ્ફ્લેશન (મોંઘવારી)ને બે ટકા વધ-ઘટ સાથે ચાર ટકાના ક્ષેત્રમાં રાખવાની જવાબદારી સોંપી છે.આરબીઆઈ ગવર્નરની અધ્યક્ષતાવાળી એમપીસીની ત્રણ દિવસની બેઠક ૬ ફેબ્રુઆરીથી શરૂ થશે. ગવર્નર શકિતકાંત દાસ આઠ ફેબ્રુઆરીએ સમિતિને નિર્ણયની જાણ કરશે.

રિઝર્વ બેન્કે લગભગ એક વર્ષથી રેપોરેટને ૬.૫ ટકા પર સ્થિત રાખ્યો છે. તેને છેલ્લીવાર ફેબ્રુઆરી ૨૦૨૩ માં ૬.૨૫ ટકાથી વધારીને ૬.૫ ટકા કરાયો હતો.

# ઘઉં અને સરસવનો વાવેતર વિસ્તાર વધ્યો, જ્યારે ચણામાં ઘટાડો નોંધાયો

## રવિ સિઝનમાં, કઠોળ પાક હેઠળનો કુલ વિસ્તાર ૩.૬૭ ટકા ઘટીને ૧૬૦.૦૮ લાખ હેક્ટર થયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



કેન્દ્ર સરકારે રવિ પાકની વાવણીના અંતિમ આંકડા જાહેર કર્યા છે. આ આંકડાઓ અનુસાર ચાલુ રવી સિઝનમાં શરૂઆતમાં પાછળ રહ્યા બાદ ઘઉંની વાવણી આખરે સુધરી હતી અને ગયા વર્ષ કરતાં વધુ હતી. રવિ પાકના કુલ વિસ્તારમાં થોડો વધારો થયો છે. આ સિઝનના ત્રણ મુખ્ય પાક પૈકીના એક ચણાના વાવેતરમાં ઘટાડો થયો છે, જ્યારે આ સિઝનના મુખ્ય તેલીબિયાં પાક સરસવના વાવેતરમાં વધારો થયો છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા જારી કરાયેલા રવિ પાકની વાવણીના અંતિમ આંકડાઓ અનુસાર, વર્તમાન રવિ સિઝનમાં ૨ ફેબ્રુઆરી સુધી ૭૦૯.૨૯ લાખ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે, જે ૭૦૯.૦૯ લાખ હેક્ટરમાં થયેલા વાવણી કરતાં નજીવું વધુ છે.

ઘઉં રવિ સિઝનનો સૌથી મોટો પાક છે. અત્યાર સુધીમાં તેનું વાવેતર ૩૪૧.૫૭ લાખ હેક્ટરમાં થયું છે, જ્યારે અગાઉના સમાન સમયગાળામાં તેનું વાવેતર ૩૩૯.૨૦ લાખ હેક્ટર હતું. શરૂઆતમાં પાછળ રહ્યા બાદ ઘઉંની વાવણી અંત સમયે ૦.૬૯ ટકાના વધારા સાથે સુધરી હતી.ચણા એ રવિ સિઝનના ત્રણ મુખ્ય પાકોમાંથી એક છે. આ સિઝનમાં તેની વાવણીમાં ઘટાડો થયો છે. આ સપ્તાહ સુધી દેશમાં ૧૦૪.૭૪ લાખ હેક્ટરમાં ચણાનું વાવેતર થયું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૧૦.૭૧ લાખ હેક્ટરના વિસ્તાર કરતાં લગભગ ૫ ટકા ઓછું છે.આ સિઝનમાં અડદનો વિસ્તાર લગભગ ૧૦ ટકા ઘટીને ૬.૯૬ લાખ હેક્ટર, મગનો વિસ્તાર લગભગ ૧૨.૫૦ ટકા ઘટીને ૫.૯૩ લાખ હેક્ટર થયો છે. જોકે, આ સિઝનમાં મસૂરની વાવણી લગભગ ૫.૬૦ ટકા વધીને ૧૯.૫૭ લાખ હેક્ટર થઈ છે. રવિ સિઝનમાં, કઠોળ પાક હેઠળનો કુલ વિસ્તાર ૩.૬૭ ટકા ઘટીને ૧૬૦.૦૮ લાખ હેક્ટર થયો છે.

રવિ સિઝનમાં તેલીબિયા અને બરછટ અનાજની વાવણીમાં વધારો થયો છે. આ સપ્તાહ સુધી તેલીબિયો પાકોનું વાવેતર લગભગ એક ટકા વધીને ૧૧૦.૯૬ લાખ હેક્ટર થયું છે. આ પાકોમાં સૌથી મોટો પાક સરસવનો વિસ્તાર ૨.૫ ટકા વધીને ૧૦૦.૪૪ લાખ હેક્ટર થયો છે. જોકે, મગફળી અને સૂર્યમુખીના વાવેતરમાં ઘટાડો થયો છે.

# હાડ થીજવતી ઠંડી વચ્ચે લદાખમાં સેંકડો લોકો રસ્તા પર, પૂર્ણ રાજ્યના દરજ્જા સહિત ચાર માંગ



**મુખ્ય સમાચાર, લદાખ**

હાડ થીજવતી ઠંડી વચ્ચે કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરીને દેખાવો કરી રહ્યા છે. સામાન્ય રીતે સૌથી શાંત રહેનારા દેશના આ વિસ્તારમાં લોકો રોડ પર ઉતરી આવતા હડકંપ મચ્યો છે. અહીંના લોકોની એક ખાસ માંગ છે. લદાખના લોકોનું કહેવું છે કે, કેન્દ્ર શાસિત પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવે. પાંચમી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જમ્મુ કાશ્મીરથી અલગ કરીને લદાખને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવાયું હતું.

લદાખમાં હજારો લોકોના વિરોધ પ્રદર્શનના કારણે મોટા પ્રમાણમાં દુકાનો બંધ કરી દેવાઈ હતી. વિરોધ પ્રદર્શનની આગેવાની લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ દ્વારા કરાઈ રહી છે. વિરોધ પ્રદર્શનનો અંદાજ એ વાતથી લગાવી શકાય છે કે શિયાળામાં પણ મહિલાઓ અને પુરુષો રસ્તા પર ઉતરીને દેખાવો કરી રહ્યા છે. તો આવો જાણીએ કે લદાખમાં થઈ રહેલા દેખાવો પાછળની હકીકત શું છે.

જમ્મુ કાશ્મીરથી જ્યારે પાંચમી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ અને ૩૫અ હટાવાઈ, તો તે સમયે રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વહેંચી દેવાયું હતું. તેમાંથી એક જમ્મુ કાશ્મીર રહ્યું, જે વિધાનસભા વાળું કેન્દ્રશાસિત બન્યું. જ્યારે લદાખને વગર વિધાનસભા વાળું કેન્દ્રશાસિત પ્રદેશ બનાવાયું. શરૂઆતમાં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવા પર લદાખમાં વધુ વિરોધ ન થયો, પરંતુ ધીરે ધીરે વિરોધ શરૂ થયો અને તેનું પરિણામ હાલના ઉગ્ર દેખાવો છે.

જો કે લદાખના લોકોનું કહેવું છે કે, 'અમે પૂર્ણ રાજ્યનો દરજ્જો ઈચ્છીએ છીએ. લોકો અહીંની નોકરશાહીથી પરેશાન થઈ ચૂક્યા છે. અમારી માંગ છે કે પ્રજાને પોતાના પ્રતિનિધિઓને પસંદ કરવાની તક મળવી જોઈએ. આ તમામ શક્ય થઈ શકે જ્યારે રાજ્ય પૂર્ણ રાજ્ય બને. એલએબી અને કેડીએ લદાખના બે વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે. આ દિવસોમાં આ લોકો એકઠા થઈને દેખાવોની આગેવાની કરી રહ્યા છે. ઓગસ્ટ ૨૦૨૧માં બને સાથે આવ્યા, જેથી વિરોધના અવાજને બુલંદ કરી શકાય.

લદાખમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોની મુખ્ય માંગ કેન્દ્ર શાસિત પ્રદેશને પૂર્ણ રાજ્ય બનાવવું, બંધારણની છઠી અનુસૂચીને લાગૂ કરવી અને લેહ અને લદાખ કારગિલ જિલ્લા માટે અલગ અલગ સંસદીય બેઠકો સ્થાપિત કરવી. છઠી અનુસૂચિ હેઠળ જનજાતીય વિસ્તારોમાં સ્વાયત્ત જિલ્લા બનાવવાની જોગવાઈ છે. લદાખમાં પણ કેટલીક પ્રકારની જનજાતિઓ રહે છે, એટલા માટે આ માંગ વધુ ઉગ્ર બની ગઈ છે.

# જામનગરમાં પોલીસે ઝડપેલ ૧૫,૪૩૬ નંગ દારૂની બોટલનાં જથ્થાનો આરટીઓ કચેરી વિસ્તારમાં નાશ કરાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા દારૂ ના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો .જેમાં કુલ રૂપિયા ૫૯ લાખ ૬૬ હજાર ની કિંમત ના દારૂ ના જથ્થા ઉપર બુલડોઝર ફેરવી દેવા મા આવ્યું હતું.જામનગરના વિવિધ પોલીસ સ્ટેશન મથક વિસ્તારમાંથી ઝડપાયેલ દારૂના જથ્થાનો નાશ કરવાની કામગીરી કરવામાં આવી હતી તેમાં કુલ રૂપિયા ૫૯,૬૬,૦૧૬ની કીમત ની ૧૫,૪૩૬ નંગ દારૂ ની બોટલ નાં જથ્થા ઉપર બુલડોઝર ફેરવી દેવા મા આવ્યું હતું.જામનગર ના એરપોર્ટ માર્ગે નવી આરટીઓ કચેરી સામે ના વિસ્તારમાં આ કામગીરી કરવામાં આવી હતી. આ સમયે એસ ડી એમ પી બી પરમાર, ડીવાયએસપી જે એન ઝાલા, નશાબંધી અધિક્ષક, પ્રોબેશન ડી વાય એસ પી, નયના ગોરડિયા, શહેર મામલતદાર, પોલીસ ઇન્સ્પેક્ટર એન એ ચાવડા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર જે ડી પરમાર અને પી વી ડોડીયા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના રણુજા હાઈવે રોડ પર આવેલી સ્પિનિંગ મિલમાં ભીષણ આગ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના રણુજા રોડ પર આવેલી એન્જલ ફાઇબર્સ લિમિટેડ નામની સ્પિનિંગ મિલમાં અકસ્માતે આગ લાગી હતી, અને ગોદામમાં રાખેલો ૫,૦૦૦થી પણ વધુ રૂની ધાસડીઓનો મોટો જથ્થો આગમાં ભસ્મિભૂત થયો હતો. જામનગર- કાલાવડ-ધ્રોળ અને રાજકોટની ૧૦થી વધુ ફાયર ફાઇટરો ની ટીમ દ્વારા પાણીના ૩૫ જેટલા ટેન્કરના ફેરા કરીને ૧૪ કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આગના કારણે ભારે નુકસાની વેઠવી પડી છે.આગના આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના રણુજા હાઈવે રોડ પર સર્વે નંબર ૧૦૦/૧ માં આવેલી એન્જલ ફાઈબર લિમિટેડ નામની સ્પીનિંગ મિલમાં ગઈ રાત્રિના ૯:૩૦ વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી, અને ગોડાઉનમાં રાખવામાં આવેલો ૫,૦૦૦થી વધુ રૂ ની ઘાસડી નો જથ્થો સળગવા લાગ્યો હતો.જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને દૂર સુધી આગના લબકારાઓ દેખાયા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં રહેતા મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.

આગના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં સૌપ્રથમ કાલાવડ ફાયર ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી, જ્યારે આગની ગંભીરતા જોઈને અન્ય ફાયર ફાઈટરની મદદ લેવામાં આવી હતી. જેથી જામનગરના બે ફાયર ફાઈટર, રાજકોટના ત્રણ ફાયર ફાઇટર અને ધ્રોળ સહિત કુલ ૧૦ ફાયર ફાઇટર ની મદદ લેવામાં આવી હતી.સતત ૧૪ કલાક સુધી પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો અને અંદાજે ૩૫થી વધુ પાણીના ટેન્કર ઠાલવી દેવામાં આવ્યા હતા, અને આગને કાબુમાં લેવાઇ હતી ત્યારબાદ સર્વે હાશકારો અનુભવ્યો હતો.આ ઘટનાની જાણ થતાં કાલાવડની પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કયા કારણસર આગ લાગી હતી, અને તેનું ચોક્કસ કારણ જાણવા માટે વિશેષ તપાસ શરૂ કરી છે. તેમજ આગ ના કારણે નુકસાની નો અંદાજ કાઢવામાં આવી રહ્યો છે. આ બનાવને લઈને સ્પિનિંગ મિલના સંચાલકોને ભારે નુકસાની વેઠવી પડી છે

# જામનગરના રણજીત સાગર ડેમના પાળા પર સેલ્ફીના ચક્કરમાં પત્ની પાણીમાં પડી ગયા પછી પતિએ પણ ઝંપલાવ્યું: બન્નેને ઇજાગ્રસ્ત હાલતમાં જી.જી.હોસ્પિટલમાં ખસેડયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણજીત સાગર ડેમ પર રવિવારે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ફરવા માટે ગયેલા પર પ્રાંતિય દંપતી એક પછી એક પાણીમાં પડી ગયા હોવાની ઘટના સામે આવતાં ફાયરતંત્ર દોડતું થયું હતું, અને બંનેને બચાવી લીધા હતા. તેઓને ઈજા થઈ હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. સમગ્ર મામલે પોલીસ ઉંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.આ બનાવની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ જામનગરમાં રહેતા પર પ્રાંતિય દંપતી કે જેમાં યુવકનું નામ મોહિત પાંડે (ઉ.વ.૨૯) અને તેની પત્ની પ્રતિમાબેન પાંડે (ઉ.વ.૨૭)તેમજ તેનું ચાર વર્ષનું બાળક રવિવારે સાંજે રણજીત સાગર ડેમ પર ફરવા માટે ગયા હતા,જ્યાં સાત વાગ્યાના અરસામાં ડેમના પાળા પરથી એકાએક પત્ની એ સેલ્ફી લેવા જતાં પગ લપસી જવાથી પાણીમાં પડી હતી.ત્યારબાદ તેની પાછળ પતિએ



પણ ડેમના પાણીમાં પડતું મૂકી દીધું હતું, અને કાંઠા પર ઉભા રહેલા ચાર વર્ષના બાળકે ભારે આક્રંદ કર્યું હતું.

તેઓ નીચે પડ્યા પછી ડેમના પાળા ના એક પથ્થરને પકડીને પાણીમાં કાંઠે તરતા રહયા હતા.જે બનાવની જાણ કરાતાં જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખા ની ટુકડી તુરતજ રણજીત સાગર ડેમ પર પહોંચી હતી, અને લાઈફ જેકેટ- રસ્સા વગેરેને પાણીમાં નાખીને દંપત્તિને એક પછી એક બહાર કાઢી લીધા હતા. જેમાં પતિને પગમાં ઈજા થઈ છે, જ્યારે પત્નીને કમરના ભાગમાં ઇજા થઈ છે.જે બંને ઇજાગ્રસ્તોને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાં પંચકોષી બી. ડિવિઝનનો પોલીસ કાફલો રણજીત સાગર ડેમ પર તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને સમગ્ર બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

## મોરબીની કબીર શેરીમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સોની બજાર મેઈન રોડ ઉપર આવેલ કબીર શેરીમાં મોરબી એ ડિવિઝન પોલીસે દરોડો પાડતા જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા વિપુલભાઈ પરષોત્તમભાઇ સોલંકી ઉવ.૪૦ રહે.દરબાર ગઢ નાગનાથ શેરી, મનોજભાઈ શીવશંકરભાઈ કપટા ઉવ.૫૪ રહે.ગ્રીન ચોક કડિયા શેરી, ગોપાલભાઈ રમેશભાઈ નિમાવત ઉવ.૪૪ રહે.ગ્રીન ચોક સોની બજારલાઇન, કમલેશભાઈ મણીલાલ મકવાણા ઉવ.૪૯ રહે.સોની બજાર કબીર શેરીને જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૦,૪૯૦/- સાથે ઝડપી લઇ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે ઇ રીક્ષા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય હીરાભાઇએ યાર્ડમાં ઇ રીક્ષા ચલાવી રાઉન્ડ માર્યુ




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે તાલુકા પંચાયત ૧૫મા નાણાંપંચ આયોજનમાંથી રૂ ૨૫.૯૨ લાખની સ્વચ્છતા માટે ૧૧ ઇ-રીક્ષા અને ૭ લાખના ખર્ચે કોમ્પ્યુટર સહિતના સંસાધનોનું ધારાસભ્યએ લોકાર્પણ કર્યું હતુ અને અમરેલી જિલ્લામાં પ્રથમ વખત રાજુલામાં આવી સુવિધા પ્રજા સુધી પહોંચતા નગરજનોએ ધારાસભ્યની કામગીરીને બિરદાવી હતી અને ઇ રીક્ષાઓ હવે ગામડે ગામડે હવે કચરો ઉઠાવશે અને આ સુવિધા ૧૧ જેટલા ગામડામાં મળી છે આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ ધીરજલાલ પુરોહિત,કારોબારી ચેરમેન પ્રતિનિધિ કનુભાઈ કલસરિયા,સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ઇસ્માઇલભાઈ,સદસ્ય લાલભાઈ રામ,તાલુકા શહેર ભાજપ અગ્રણીઓ હરસુરભાઈ લાખણોત્રા, પરેશભાઈ લાડુમોર,રવુંભાઈ ખુમાણ,મુકેશભાઈ ગુજરીયા,હરેશભાઇ કાછડ, વિરભદ્રભાઈ ડાભિયા, APMC પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલ,ઉપપ્રમુખ અરજણભાઇ વાઘ,મનુભાઈ ધાખડા,રમેશભાઈ વસોયા, દાદભાઈ વરુ,રાજાભાઈ, વિક્રમભાઈ શિયાળ, શુકલભાઈ બલદાણીયા, વલકુંભાઈ બોસ,બોઘાભાઈ લાડુમોર, ડો.હિતેશભાઈ હડિયા સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઈ ધાખડા,બાલાભાઈ સાખટ,વનરાજભાઈ વરુ,પ્રતાપભાઈ બેપારિયા,તખુભાઈ ધાખડા,ગૌતમભાઈ ગુજરીયા,કૈલાસભાઈ શિયાળ,પ્રકાશભાઈ ખુમાણ સહિતના આગેવાનો,અધિકારીઓ પદાધિકારીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના રફાળેશ્વર ગામ નજીક ટ્રકની હડફેટે એકટીવા ચાલક પ્રૌઢનું કમકમાટીભર્યું મોત

## ટ્રક્નું ભારે ટાયર પ્રૌઢના માથા ઉપર ફરી વળતા અરેરાટી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામથી ચોકડી જવાના રસ્તે ટ્રકે એકટીવાને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો અકસ્માતમાં ટ્રક્નું ટાયર એકટીવા ચાલક પ્રૌઢ ઉપર ફરી વળતા તેમનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક રેઢો મૂકી ટ્રક ચાલક નાસી ગયો હતો. સમગ્ર અકસ્માતના બનાવ મામલે મરણ જનારના ભાઈની ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી અનુસાર બગથળા ગામે રહેતા ધીરજલાલ છગનભાઈ મેરજા એ આરોપી ટ્રક રજી.નં. જીજે-૧૨-એટી-૮૧૮૧ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી કે ગઈકાલ તા.૦૪/૦૨ના રોજ સાંજના આશરે ચાર વાગ્યે ઉપરોક્ત ટ્રક રજી. નં.ના ચાલક આરોપીએ ટ્રક ફુલ સ્પીડમાં માણસોની જીંદગી જોખમાય તે રીતે ગફલત ભરી અને બેફકરાઇથી બેદરકારીભરી રીતે ચલાવી ફરિયાદીના ભાઇ રાજેશભાઇ છગનભાઇ મેરજા ઉવ.૫૦ રહે હાલ. મોરબી કેનાલ રોડ રામકો બંગલોની પાછળ અમુલ્યમ એપાર્ટમેન્ટ, બ્લોક નં.૫૦૧, મુળરહે.બગથળા ગામવાળાને તેના એક્ટિવા મોપેડ રજી.નં.જીજે-૩૬-એએ-૦૮૧૦ને પાછળના ભાગેથી હડફેટમાં લઇ વાહન અકસ્માત કરી ટ્રકના વ્હીલનો જોટો રાજેશભાઈના માથા ઉપરથી ફરી જતા એકટીવા ચાલક રાજેશભાઈનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાનો ટ્રક રેઢો મૂકી નાસી ગયો હતો. અકસ્માતના બનાવ અંગે મૃતકના ભાઈની ફરિયાદના આધારે તાલુકા પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુન્હો દાખલ કરી તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગર જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું જોડિયામાં આયોજન કરાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કક્ષાની ભાઈઓની કબડ્ડી સ્પર્ધાનું આયોજન જોડિયાની સાંઈ વિદ્યા સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં વય જૂથ અંડર ૧૪, અંડર ૧૭ અને ઓપન વય જુથની સમગ્ર જામનગર જિલ્લાની ૩૧ ટીમોએ ભાગ લીધો હતો.સંસ્થાના ટ્રસ્ટીઓ અને જોડીયા તાલુકાના કન્વીનર જગદીશ વિરમગામા દ્વારા ખેલ સમારોહનું ઉદઘાટન કરાયું હતું. સમગ્ર જામનગર જિલ્લામાં અંડર ૧૪ વય જૂથમાં પ્રથમ ક્રમાંક પર લખતર પ્રાથમિક શાળા ટીમ, અંડર ૧૭ વય જૂથમાં પ્રથમ ક્રમાંક પર બી.એમ.પટેલ ટીમ અને ઓપન વય જૂથમાં પ્રથમ ક્રમાંક સુમરા ટીમે પ્રાપ્ત કર્યો હતો. વિજેતા થયેલી ટીમો આગામી દિવસોમાં ઝોનકક્ષા અથવા રાજ્યકક્ષાએ જામનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એસ.એ.જી. સ્ટાફ, ઓફિસિયલ ટીમ, પોલીસ સ્ટાફ, વ્યાયામ શિક્ષકો અને સંસ્થાએ સહયોગ પૂરો પાડ્યો હતો. આ કાર્યક્રમમાં, સંસ્થાના ટ્રસ્ટી અમિત ગોધાણી, શિક્ષકગણ અને બહોળી સંખ્યામાં ખેલાડીઓ હાજર રહ્યા હતા.

# જામનગર જિલ્લા કક્ષાની ટેકવોન્ડોની સ્પર્ધા યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન તળે જામનગર જિલ્લામાં ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર જિલ્લા કક્ષાની ભાઈઓની ટેકવોન્ડો સ્પર્ધા જે.પી.મોદી સ્કુલ- વસઈ અને બહેનોની સ્પર્ધા ડી.એલ.એસ.એસ.- કાલાવડમાં યોજાઈ હતી.ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે જિલ્લા કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં સાંઈ વિદ્યા સંકુલ- જોડીયાના વિદ્યાર્થીઓએ બહોળી



સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાંથી અલગ-અલગ વય જૂથ અને વજન જૂથના આધારે ગોલ્ડ મેડલ કેટેગરીમાં મકવાણા શ્વેત, ભાંભોર રણછોડ, રામાવત તુલસી, ભીમાણી દિયા, ઝાપડા સંદીપ અને વકાતર રવિકુમાર, સિલ્વર મેડલ કેટેગરીમાં સોયગામા ભાવેશ, સાંચલા શિવમ, પિંગળ યશરાજસિંહ, જોગેલ રાજેશ, ધામેચા પરેશ, ભીમાણી હેત, ગોધાણી અભી, કાસુન્દ્રા જયશ્રી, ખાટરીયા માનસી અને રાસમીયા મૌલી અને બ્રોન્ઝ મેડલ કેટેગરીમાં નંદાસણા શ્યામ, સોયગામા વરૂણ, કાલાવડીયા હેપી, રાઠોડ સુમિત, ભરવાડ કાનાભાઈ, સંગાડા સૃષ્ટિરાજ, પોપટપુત્રા તાબીસ, ખાંભુ અમિત, રામાવત પ્રેમ, ઝાલા મહિપાલસિંહ, દંગી હર્ષિલ, ભીમાણી નિરવ, ભીમાણી ચિન્ટુ, પરમાર મેહુલ, પરમાર રાજ, પનારા ઉર્વી, જાડેજા ગાયત્રીબા, કુંડારિયા હાર્વીબેન, ટોયટા જાગૃતિ, જાવિયા રૂત્વી, મારવણીયા સાક્ષી, ભીમાણી ખુશી, કાનાણી પ્રાચી અને નંગામરા અક્ષાબાનુને વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ શાળાના આચાર્ય જગદીશ વિરમગામા, શાળાના ટ્રસ્ટીઓ, શિક્ષકગણ અને કોચ જયવિરસિંહ સરવૈયાએ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની જિલ્લા જેલમાં ‘વર્લ્ડ કેન્સર ડે’ નિમિત્તે જાગૃતિ સેમિનાર યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જિલ્લા જેલમાં દિવસે ’વર્લ્ડ કેન્સર ડે’ નિમિત્તે શંકુસ કેન્સર હોસ્પિટલના તબીબોની ટીમ દ્વારા કેન્સરની જાગૃતિ અર્થે સેમિનાર યોજાયો હતો તેમજ ૧૪૨થી વધુ બંદીવાન ભાઈઓ અને તમામ જેલ સ્ટાફનું મેડિકલ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. જામનગરની જિલ્લા જેલના ઇન્ચાર્જ અધિક્ષક એમ. એન. જાડેજા ના પ્રયાસો થી જામનગરની જિલ્લા જેલમાં ’વર્લ્ડ કેન્સર ડે’ નિમિત્તે કેન્સર જેવા ગંભીર રોગ અંગે જેલના બંદીવાન ભાઈઓ ઉપરાંત અધિકારી- કર્મચારી ગણ વગેરેમાં કેન્સર સંબંધે જાગૃતતા આવે, તેના માટે આજે વિશેષ સેમિનાર યોજવામાં આવ્યો હતો.જામનગરની સંકુશ કેન્સર હોસ્પિટલ ના તજજ્ઞ તબીબો ની ટીમ દ્વારા જિલ્લા જેલમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, અને તબીબો દ્વારા કેન્સર ની જાગૃતિ અર્થે બંદીવાન ભાઈઓ અને જેલ સ્ટાફને સેમીનાર ના માધ્યમથી વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, અને કેન્સરથી કઈ રીતે બચી શકાય, અને કયા કયા કારણોસર કેન્સર થાય છે, તે સમગ્ર માહિતી આપવામાં આવી હતી.આ ઉપરાંત તજજ્ઞ તબીબોની ટીમના ડો.જે.એ.તેલી, ડો, હસ્તીનાબેન સંઘાણી, તેમજ જેલના ફિઝિશિયન સી.એસ.ડોગરા, ડો.અર્ચનાબેન સોલંકી, ડો. અલ્પેશ અગ્રાવત વગેરે દ્વારા વગેરે જેલમાં મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં યોજાયેલા સેમિનારમાં ૫૦૦થી વધુ બંદીવાન ભાઈઓ જોડાયા હતા. તેમજ જામનગર જિલ્લા જેલના તમામ અધિકારી અને કર્મચારીઓ ઉપરાંત ૧૪૨ બંદીવાન ભાઈઓનું હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

# મોરબીમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપના ફોર્મ ભરાવવાના શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા સહીત રાજ્યમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપના ફોર્મ ભરાવવાના શરુ થઇ ગયા છે. આ સાથે ફોર્મ ભરવાની છેલ્લી તા.૦૯/૦૨/૨૦૨૪ છે જયારે પ્રવેશ માટેની સામાન્ય પરીક્ષા તા.૩૦/૦૩/૨૦૨૪ના રોજ લેવામાં આવવાનું જાહેર કરાયું છે.

સરકાર દ્વારા રાજ્યના કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસમાં આગળ વધે તે માટે નમુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશિપ યોજનાથ શરૂ કરાઇ છે. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ ના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે જેમાં ધોરણ ૬થી૧૨માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને સરકારની આ યોજનાનો લાભ મળે તે માટે આ યોજનાના ફોર્મ ભરાવવાના ચાલુ થઇ ગયા છે.


આ સાથે મોરબી જીલ્લા ભાજપ દ્વારા એક પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર ધોરણ ૫ મા અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જાણ કરો તથા તમારા અથવા તમારા સંબંધીનુ બાળક જો ધો. ૫ માં અભ્યાસ કરતુ હોય તો તે શાળાએ જઈ જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપનુ ફોર્મ ભરો. જેમા મેરીટમા આવનાર વિદ્યાર્થીને ધો. ૬ થી ૧૨ સુધી મા રૂ. ૧,૫૪,૦૦૦ જેટલી સ્કોલરશીપ મળશે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૯-૨-૨૦૨૪ છે અને પરીક્ષા તારીખ ૩૦-૩-૨૦૨૪ છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીના બીના હર્ષ મકાસણાએ પત્તા-પૂઠામાંથી અયોધ્યા રામમંદિરની ૩-ડી પ્રતિકૃતિ બનાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

દેશ તથા વિદેશમાં વસતા રામભક્તોમાં અયોધ્યાધામ ખાતે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ બાદ એક અનેરો રામમય માહોલ ઉભો થયો છે. ત્યારે મોરબીના હર્ષ મકાસણાએ તેમના મિત્રની મદદથી રામમંદિરની આબેહૂબ ૩-ડી પ્રતિકૃતિ બનાવી ભગવાન શ્રીરામ પ્રત્યેની પોતાની ભક્તિ તથા શ્રધ્ધા દર્શાવી છે.

અયોધ્યામાં સનાતની હિન્દુઓના વર્ષોના સંઘર્ષ પરામર્શ દ્વારા રામલલ્લા પોતાના જન્મસ્થળ પર બિરાજમાન થયાની ખુશીમાં તથા તેનાથી પ્રભાવિત

થઈને મોરબીની ઋષભપાર્ક સોસાયટીમાં રહેતા માકાસણા હર્ષ જીતેન્દ્રભાઈ તથા તેમના સાથી મિત્ર કાવર દર્શન વિજયભાઈ દ્વારા રામમંદિરનું ૩ઙ પોસ્ટર તથા અયોધ્યામાં બનેલ રામમંદિરનું ૩ ફૂટ લાંબુ તથા ૩ ફૂટ પહોળું આબેહૂબ મંદિર બનાવીને ભગવાન રામ પ્રત્યેની ભક્તિ તથા શ્રદ્ધા દર્શાવી છે તથા આ મંદિરની ખાસ વાત એ છે કે આ ૩ઙ મોડેલ બનાવવામાં માત્ર પત્તા તથા જૂના પૂઠામાંથી બનાવવામાં આવ્યું છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે હવે કેસ કઢાવવા માટે દર્દીઓએ લાંબી લાઈનમાં ઉભા નહી રહેવું પડે

## આભા પોર્ટલ ઉપરથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યા બાદ 30મિનીટ સુધી ટોકન નંબર ચાલશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જીજી હોસ્પિટલ ખાતે ખાતે હાલ કેસ કઢાવવા માટે સરકાર તરફથી શરુ કરેલ Nextgen. ehospital પોર્ટલનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં Scan Share સુવિધા ચાલુ કરવામાં આવેલ છે. જેના દ્વારા દર્દીઓને ઓ.પી.ડી કેસ કઢાવવા માટે લાંબી લાઈનમાં ઉભું રહેવાની જરૂર પડશે નહીં.દર્દીએ પ્રથમ પોતાનું આભા કાર્ડ બનાવવાનું રહેશે જેના સ્ટેપ આ મુજબ છે.તમારા સ્માર્ટ મોબાઈલમાં આભા (ABHA) એપ ડાઉનલોડ કરવી.આધાર કાર્ડના નંબર તેમાં ઉમેરો આધાર કાર્ડ સાથે જે મોબાઈલ નંબર લીંક હશે તેમાં ઓ.ટી.પી આવશે.



ઓ.ટી.પી નાખ્યા બાદ આપનો મોબાઈલ નંબર ઉમેરો.આભા એડ્રેસ નીચે માંથી કોઈ એક પસંદ કરો.તમારું આભા એડ્રેસ અને નંબર આ એપમાં જોવા મળશે જે દ્વારા આપ આ સુવિધાનો લાભ મેળવી શકશો. આભા કાર્ડ બનાવ્યા પછી આપ નીચે મુજબના ચછકોડને સ્કેન કરીને આપ કેસની નોંધણી ઘરેથી કરાવી શકશો.

નોંધણી કરાવ્યા પછી તમને એક ટોકન નંબર મળશે જે 30 મિનીટ સુધી ચાલશે.30 મિનીટની અંદર આપ હોસ્પિટલ પરથી આપનો કેસ આભા કેસબારી પરથી તાત્કાલિક મેળવી શકશો. અને દર્દીને ઓ.પી.ડી કેસ કઢાવવા માટે રાહ જોવી પડશે નહિ.

# રાજ્ય સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ ૪% લેખે જાહેર કરો

## રાજ્યના ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે ગાંધીનગર ખાતે રાજ્યના સરકારી ચોથા વર્ગના કર્મચારી મહામંડળ દ્વારા મોંઘવારી ભથ્થુ ૪% ટકા લેખે જાહેર કરવા મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું જેમાં જણાવાયું હતું કે ગુજરાત સરકાર કેન્દ્ર સરકારને અનુરૂપ પગાર અને મોંઘવારી ભથ્થુ કર્મચારીઓ માટે જૂલાઈ ૨૦૨૩થી જાહેર કરે.

તેઓએ એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે હાલમાં ખાધ્ય ચીજવસ્તુઓના તેમજ પેટ્રોલ ડીઝલના ભાવમાં અસહ્ય વધારો નોંધાયો છે. જેના કારણે મોંઘવારી ભથ્થુ ૪૨ માંથી ૪૬% જાહેર કરવામાં આવે આજે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે ચોથા વર્ગ કર્મચારી મહામંડળના પ્રમુખ નગીનભાઈ ગોરીયા તથા મહામંત્રી કે.એમ.પ્રણામીએ રજૂઆત કરી હતી.

# રેલવે ભરતી પ્રક્રિયા માટે વાર્ષિક કેલેન્ડર જારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ એ રેલવેમાં ભરતી માટે મોટી જાહેરાત કરી છે. તેમની આ જાહેરાતથી ભરતી પ્રક્રિયામાં ઝડપ આવશે તથા નિર્ધારિત કેટેગરી માટે નિર્ધારિત સમય મર્યાદામાં પરીક્ષા આયોજિત કરી શકાશે. જેનાથી તે તમામ ઉમેદવારો જે રેલવે ભરતી પરીક્ષામાં ભાગ લેવા ઈચ્છે છે, તેમને પૂર્વ નિર્ધારિત રીતે પરીક્ષા માટે સમય રહેશે અને દર વર્ષે ભરતી પરીક્ષા આયોજિત થશે અને તેમને સારી તાલિમ મળી શકશે. આ વિચારની સાથે રેલવેની ભરતી પરીક્ષા માટે કેલેન્ડર બનાવવામાં આવ્યું છે.

માનનીય રેલવે મંત્રી અનુસાર જેટલી પણ રેલવેની કેટેગરી છે, તેમનો વાર્ષિક રૂપે સમયગાળો નિર્ધારિત રહેશે તથા વર્ષમાં ચાર વાર નોટિફિકેશન જારી થશે જે દરેક કેટેગરી માટે અલગ અલગ રહેશે, જેથી તમામને સમાન રૂપે આનો અવસર મળી શકશે. દર વર્ષે પરીક્ષા થવાથી ઓવર એજની સમસ્યાથી પણ છુટકારો મળશે.

# હળવદના ખેતરડી ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની 300 બોટલ સાથે એક શખ્સની અટક,એક ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ખેતરડી ગામે પોલીસે પૂર્વ બાતમીને આધારે આરોપીના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૦૦ બોટલ સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે દરોડા દરમિયાન પકડાયેલ આરોપીની પ્રાથમિક સઘન પૂછતાછમાં અન્ય એક આરોપીનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ ચલાવી હતી.



મળતી માહિતી અનુસાર હળવદ પોલીસ મથક ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે હળવદ તાલુકાના ખેતરડી ગામે આરોપી સુરેશભાઈ દેકાવાડીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જે મુજબની બાતમીને આધારે આરોપીના રહેણાંક મકાનમાં રેઈડ કરતા વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૩૦૦ બોટલ કિ.રૂ. ૧,૨૮,૧૬૦/- મળી આવી હતી. આ સાથે સ્થળ ઉપર હાજર આરોપી સુરેશભાઈ જવાભાઈ દેકાવાડીયા ઉવ.૩૫ રહે.ખેતરડી તા.હળવદની ધરપકડ કરવામાં આવી હતી.

તેમજ રેઈડ દરમિયાન પકડાયેલ આરોપીની પૂછપરછમાં વિદેશી દારૂનો જથ્થો સુરેન્દ્રનગર જીલ્લાના નાડધ્રી ગામના પ્રવિણસિંહ જીલુભા ઝાલા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા તે આરોપી સ્થળ ઉપર હાજર ન મળતા તેને ફરાર દર્શાવી તેની અટક કરવા તજવીજ હાથ ધરી હતી. જયારે આરોપી સુરેશભાઈ પાસેથી એક એન્ડ્રોઇડ મોબાઇલ કિ.રૂ. ૫,૦૦૦/- મળી આવતા વિદેશી દારૂ સહીત કુલ રૂ.૧,૩૩,૧૬૦/-નો મુદામાલ કબ્જે લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રામનાથપરામાં જુગાર રમતા પાંચ શખ્સોની ધરપકડ

## બાર બોટલ દારૂ સાથે બુટલેગરને ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રામનાથપરા વિસ્તારમાં નદીના પટ બાજુ જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન જુગાર રમતા જીતેશ બટુક ગોરવાડીયા, અંસારઅલી મુન્સરઅલી શેખ, ચિરંજીત નકુલ નિઓગી, સુચાંદનભૌમિક અશોકભૌમિક ભૌમિક અને શંકર અજીત દોલુઈ નામના શખ્સોને જુગાર રમતા ઝડપે લીધા હતા પોલીસે જુગારના પટમાં રહેલી રૂ.૩૫,૮૦૦ ની રોકડ અને રૂ.૨૫,૦૦૦ ની કિંમતના પાંચ મોબાઇલ મળી રૂ.૬૦,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ન આ ઉપરાંત રામનાથપરા વિસ્તારમાં રહેતા પરેશ ઉર્ફે કાળુ હથાભાઈ સરૈયા નામના શખ્સે પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે વિદેશી દારૂ ઉતાર્યો હોવાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન પરેશ ઉર્ફે કાળુ સરૈયા હાજર મળી આવ્યો ન હતો અને પોલીસે તેના ઘરની તલાસી લેતા રૂ.૬,૦૦૦ ની કિંમતની ૧૨ બોટલ દારૂ મળી આવ્યો હતો પોલીસે પરેશ ઉર્ફે કાળુ સરૈયા વિરુદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

# જસદણના ગઢડીયા(જસ) રોડ પર યુવાન પર કાઠી શખ્સનો ધારીયા વડે હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણના વાસુરપરા શેરી નં.૧૫માં રહેતો રાજુ ઉર્ફે હડકાયો બોઘાભાઈ ગરીયા(ઉ.વ.૨૭)નામના ભરવાડ યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે જસદણમાં ગઢડીયા(જસ)રોડ પર આવેલા અશરફભાઈને જીનીંગમીલ પાસે બાઈક લઈ જતો હતો ત્યારે જસદણના મણીનગરમાં રહેતો કાઠી દરબાર લાલો ઉર્ફે જયપાલ રવુ ધાંધલએ બાઈક પર આવી અટકાવી અગાઉ ગાય બાબતે થયેલ બોલાચાલીનો ખાર રાખી ધારીયા અને કુહાડી વડે ઉમલો કરી શરીરે ગંભીર ઈજા કરી નાસી ગયો હતો. બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ એસ.વી.તલસાણીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ચોટીલાના ગેસ્ટહાઉસમાં પરિણીત પ્રેમી અને પ્રેમિકાએ ઝેર દવા પી કર્યો આપઘાત

## પરિણીત પ્રેમી વિંછિયાના લાલવદર ગામનો અને અપરિણીત પ્રેમિકા ચોટીલાના જીવાપર ગામની હોવાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાત્રાધામ ચોટીલા હાઈવે ઉપર આવેલ ગેસ્ટ હાઉસમાં પરણીત પ્રેમી સાથે આત્મઘાતી પગલું ભરી મૃત્યુ ને વ્હાલુ કરતા ચકચાર સાથે સમાજ માટે ચિંતાજનક કહેવાય તેવો બનાવ સામે આવેલ છે.

આ અંગેની માહિતી મુજબ ચોટીલા હાઈવે પર આવેલા ઋઋતુરાજ ગેસ્ટહાઉસમાં રૂમ ૧૦૬ મા એક યુવક યુવતીએ કપાસમાં છાટવાની ઝેરી દવા પી આપઘાત કર્યાની જાણ થતા ચોટીલા પોલીસ ઘટના સ્થળે દોડી ગયેલ અને મૃતકોની લાશને પીએમ માટે હોસ્પિટલ ખસેડેલ હતા.

પ્રાથમિક તપાસમાં પોલીસને જે રૂમમાં ઉતર્યા હતા તે ગેસ્ટ હાઉસ પર થી મળેલ ઓળખ કાર્ડ ઉપર થી મરણજનાર બંન્ને ની ઓળખ મળેલ હતી જેમાં યવક વિછીયાનાં લાલાવદર ગામનો મેટાળીયા રાહુલ રમેશભાઈ તેમજ યુવતી ચોટીલાનાં જીવાપર ગામની પરાલીયા પાયલ છનાભાઇ હોવાની હકીકત ખુલતા પરિવારજનોને જાણ કરતા બંન્નેનાં પરિજનો ચોટીલા દોડી આવ્યા હતા

અપરણીત યુવતીને પરણીત યુવક સાથે પ્રેમ સંબધ બધાય છે પરંતુ તેની સાથે સંસાર શકય નહીં જણાતા ચોટીલાનાં ગેસ્ટ હાઉસમાં અંતિમ પગલું ભરી બંન્ને મોતને ભેટયા હોવાનું અનુમાન આપતી ચકચારી બનાવ અંગે મરણજનાર યુવકના લગ્ન દોઢ બે વર્ષ પહેલા થયેલા આવનાર દિવસોમાં તેના પત્ની ને સીમંતનો પ્રસંગ હોવાનું તપાસ અધિકારી એ જણાવ્યું છે ત્યારે યુવતી સુરેન્દ્રનગર ખાતે નિર્સંગનો અભ્યાસ કરતી હોવાનું જાણવા મળેલ છે.

મોબાઇલ યુગ છે આમ તો આ ઘટના પાછળ પ્રેમ સાથે પ્રેમનું આધળા પણામાં બે જીવ અકાળે મોતને ભેટે છે અને બે પરિવાર માટે અનેક સવાલો સાથે સૌથી અઘરી અને કપરી સ્થિતિ એક સગર્ભા પત્ની અને તેના કુખમાં રહેલ જીવ માટે સર્જેલ છે.

# ગોંડલના વોરા કોટડા રોડ પર વિદેશી દારૂની ૫૭૨ બોટલ રેઢી મળી

## બુટલેગર ઈરફાન હસનભાઈ કટારીયાને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતીમાન કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**


ગોંડલ નાં વોરાકોટડા રોડ પર બાવળ ની કાંટમાં થી પોલીસે રુ.૧,૯૨,૬૦૦ ની કિંમત નો વિદેશી દારુનો જથ્થો જડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબી પી,આઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહીલ તથા એલ.સી.બી. સ્ટાફ ગોંડલ શહેર વસ્તારમાં પેટ્રોલીંગમાં હોય જે દરમ્યાન ખાનગી હકિકત મળેલ કે ઈરફાન હસનભાઈ કટારીયા રહે.ગોંડલ વોરાકોટડરોડ હુડકો ક્વાટર ચીશ્તીયા મસ્જીદ પાસે વાળાએ પોતાના મકાનની પાછળના ભાગે બાવળની કાંટમાં ઈંગ્લીશદારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે રાખેલ જે હકીકત આધારે તે જગ્યાએ રેઈડ કરતા ઈંગ્લીશ દારૂના જથ્થો મળી આવતા પ્રોહીબીશન એકટ હેઠળ બી-ડીવી ગોંડલ શહરે પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી કરવામા આવેલ હતી. આ કેસ માં આરોપી ઈરફાન હસનભાઈ કટારીયા ને અટક કરવા પર બાકી હોય અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશદારૂ ની બોટલો નંગ-૫૭૨ કી.રૂ.૧,૯૨,૬૦૦/- કબજે કરવા આવી હતી આ દરોડા કામગીરીમાં હેડ કોન્સટેબલ અનીલભાઇ ગુજરાતી, પ્રહલાદસીંહ રાઠોડ, દિગ્વીજયસીંહ રાઠોડ, રૂપકભાઈ બોહરા સહિતનાઓ જોડાયા હતા.

# CEIR પોર્ટલના માધ્યમથી અંદાજિત રૂ.૧.૨૫ લાખની કિંમતના ચોરાયેલા સાત મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પરત સોંપતી થોરાળા પોલીસ

## ખોવાયેલો મોબાઈલ “CEIR” વેબસાઈટ અથવા "Know Your Mobile” એપ દ્વારા કરી શકો છો બ્લોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ચોરી કે ગુમ મોબાઈલ શોધી કાઢવા માટે પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશનર વિધી ચૌધરી તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર પુજા યાદવ (ઝોન-૧), મદદનીશ પોલીસ કમિશનર બી.વી.જાધવ સાહેબ (પુર્વ વિભાગ)નાઓની સુચના અનુસાર રાજકોટ જિલ્લામાં પરિણામલક્ષી કામગીરી થઈ રહી છે, ત્યારે થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ.ઝણકાટના માર્ગદર્શન હેઠળ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન ટેકનિકલ સોર્સના આધારે પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી પી.એમ.રાઠવા તથા સાયબર ક્રાઈમ ડિટેક્શન ટીમના પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ વાળા તથા રાકેશભાઈ બાલાસરા સહિતના પોલીસકર્મીઓએ નસ્ત્રસેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજીસ્ટર પોર્ટલ થકી સતત



મોનીટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને ટ્રેકીંગમાં મુકી મોબાઈલ ફોન ટ્રેશ કરી છેલ્લા એક માસમાં અંદાજિત રૂ.૧,૨૫,૦૦૦/- ની કિંમતના કુલ ૦૭ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કરી સચોટ કામગીરી કરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા ખોવાયેલો મોબાઈલ સરળતાથી ટ્રેક કરી શકાય તે માટે નવી મોબાઈલ ટ્રેકિંગ સિસ્ટમ નસ્ત્રસેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી જો તમારો ફોન ખોવાઈ જાય કે ચોરી થઈ જાય તો, તુરંત આ વેબસાઈટ પર જઈને તમે ફરિયાદ નોંધાવી શકો છો, ત્યારબાદ તમારો ફોન બ્લોક થઈ જશે. ઉપરાંત જો ચોર તમારું સિમકાર્ડ કાઢી અન્ય સિમકાર્ડ નાખશે તો પણ તમારો ફોન બ્લોક થઈ જશે અને ચોર નવા સિમકાર્ડનો ઉપયોગ નહીં કરી શકે. સ્માર્ટફોન યુઝર્સ સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર વેબસાઈટ અથવા ”Know Your Mobile (નો યોર મોબાઈલ) એપ દ્વારા ખોવાયેલો મોબાઈલ બ્લોક કરી શકે છે. જ્યારે મોબાઈલ પરત મળી જાય ત્યારે યુઝર્સ તેનો મોબાઈલ અનબ્લોક પણ કરી શકે છે. મોબાઈલ બ્લોક કરાવ્યા બાદ સરકાર CEIR પોર્ટલના આધારે ફોનને ટ્રેક કરે છે અને તે ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલને શોધવાનો પ્રયાસ કરે છે.

# મંત્રી કુંવરજીભાઇ બાવળિયાના અધ્યક્ષસ્થાને વીંછિયા તેમજ જસદણ તાલુકા આયોજન સમિતિની બેઠકો યોજાઇ

## બંને તાલુકામાં તાલુકાદીઠ અંદાજિત ૧.૨૭ કરોડના વિવિધ કામોનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને વીંછિયા તેમજ જસદણ તાલુકામાં બંને તાલુકાની આયોજન સમિતિની બેઠકો યોજાઇ હતી.

આ બેઠકોમાં મંત્રીએ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈ હેઠળની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની વિવિધ વિકાસકાર્યો માટેની નવી દરખાસ્તોના તાલુકાના આયોજન અંગે સભ્યો અને અધિકારીશ્રીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. નોંધનીય છે કે બંને તાલુકામાં તાલુકાદીઠ અંદાજિત ૧.૨૭ કરોડના વિવિધ કામોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વીંછિયા તાલુકા આયોજન સમિતિની બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રવીણભાઈ ગાબુ, જિલ્લા પંચાયત સદસ્યશ્રી સવિતાબેન વાસાણી અને શ્રી અશ્વિનભાઈ તલસાણીયા તેમજ અન્ય અગ્રણીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી પાર્થરાજસિંહ પરમાર તેમજ વહીવટી તંત્રના સંબંધિત





અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

તાલુકા પંચાયત પ્રમુખશ્રી હિતેશભાઈ વોરા, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ગંગાબેન મકવાણા, જિલ્લા પંચાયત સદસ્યઓ સર્વે મનસુખભાઈ સાકરીયા, શારદાબેન ધડુક, વિનુભાઈ મેણીયા, ખોડાભાઈ દુધરેજીયા તેમજ અન્ય અગ્રણીઓ, તાલુકા વિકાસ અધિકારી કે.આર. ચુડાસમા, મામલતદારશ્રી મિલન રાજ્યગુરૂ તેમજ વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સરધારમાં પીએમ વિશ્વકર્મા કેમ્પ યોજાયોઃ તાલીમ બાદ લોન પણ અપાશે

## નાના કારીગરોને તાલીમ આપી વધુ સશક્ત બનાવાશેઃ તાલીમ દરમિયાન ભથ્થુ પણ મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આજે રાજકોટના સરધાર ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આ યોજનાનો લાભ લેવા માટે કારીગરો ફોર્મ ભરવા ઉમટ્યા હતા.



આ તકે મંત્રી ભાનુબહેને લોકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ પી.એમ. વિશ્વકર્મા યોજનાની જાહેરાત કરી હતી, અને નાના નાના કારીગરોને સહાયરૂપ થવાના હેતુ સાથે આ યોજના શરૂ કરાવી હતી. ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં કારીગરોને આ યોજનાનો લાભ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.

લોકોને આ યોજનાની વિગતો આપતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ વધુમાં કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત કારીગરોને પોતાનો વ્યવસાય શીખવા માટે પાંચ દિવસ સુધી વેતન સાથે તાલીમ આપવામાં આવે છે. તાલીમ પછી તેને રૂ. ૧૫ હજારની સાધન સહાય અને ધંધો- રોજગાર શરૂ કરવા માટે રૂ.એક લાખની લોન પણ સાવ નજીવા વ્યાજદરે આપવામાં આવે છે. આ યોજના થકી ભવિષ્યમાં મોટા ઉદ્યોગકારો જન્મશે એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

મંત્રી ભાનુબહેને દીપ પ્રાગટ્ય કરીને આ કેમ્પનો આરંભ કરાવ્યો હતો. એ પછી વિવિધ કારીગરોને પી.એમ. વિશ્વકર્મા યોજના સહાય માટેના ફોર્મ ભરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ગ્રામીણ વિસ્તારના કારીગરોને આ યોજનાનો લાભ મળી રહે તે હેતુસર આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, પ્રધાનમંત્રી વિશ્વકર્મા કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે, જેનો શુભારંભ પ્રધાનમંત્રી દ્વારા ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ થયો હતો. પોતાના હાથ અને સાધનોથી કામ કરતા કારીગરો અને કારીગરોને એન્ડ-ટુ-એન્ડ સહાય પૂરી પાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજના ૧૮ વેપાર સાથે સંકળાયેલા કારીગરો અને શિલ્પકારોને આવરી લે છે, જેમ કે (૧) સુથાર (સુથાર/બધાઇ); (૨) બોટ ઉત્પાદક; (૩) શસ્ત્રાગાર; (૪) લુહાર (લોહાર); (૫) હેમર અને ટૂલ કિટ મેકર; (૬) લોકસ્મિથ (તાળા ચાવી કારીગર; (૭) ગોલ્ડસ્મિથ (સોની); (૮) પોટર (કુંભાર); (૯) શિલ્પકાર (મૂર્તિકાર, સ્ટોન કાર્વર), સ્ટોન બ્રેકર; (૧૦) મોચી (ચાર્મકર)/શૂઝમીથ/ફૂટવેર કારીગર; (૧૧) મેસન; (૧૨) બાસ્કેટ/મેટ/ સાવરણી બનાવનાર/કોઈર વણકર, (૧૩) ઢીંગલી અને રમકડાની બનાવટ (પરંપરાગત); (૧૪) બાર્બર (નાઈ); (૧૫) માળા બનાવનાર (માલાકાર); (૧૬) વોશરમેન (ધોબી); (૧૭) દરજી; અને (૧૮) ફિશિંગ નેટ મેકર.

આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર કે.વી. મોરી, રાજકોટ તાલુકા મામલતદાર કે. એચ. મકવાણા, સરપંચ પીન્ટુભાઈ ઢાકેચા, અન્ય અગ્રણી હરેશભાઈ હેરભા, ચેતનભાઈ કથીરીયા, જે.કે. જારિયા, ખોડાભાઈ, તલાટીશ્રી હિતેશભાઈ નિદ્રોડા તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ૩૭૫ બાળકોને સ્પેશ્યલ મેગા ડ્રાઈવ દ્વારા રસીકરણથી રક્ષિત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય ટીમ દ્વારા રાજકોટ જિલ્લાનાં ૩૭૫ બાળકોને સ્પેશ્યલ મેગા ડ્રાઈવ દ્વારા રસીકરણથી રક્ષિત કરવામાં આવ્યા હતા.

દેશમાં માતા અને બાળકોને ગંભીર પ્રકારના રોગો સામે રક્ષણ આપવા ‘‘રાષ્ટ્રીય રસીકરણ અભિયાન‘‘ ચલાવવામાં આવી રહ્યું છે, જે પોલીયો, ધનુર, ઓરી, રુબેલા, ન્યુમોનીયા, બાળકોમાં થતા ઝાડા, બાળ ટીબી, ડીપ્થેરીયા, પોર્ટુશિશ, હીમોફેલિયા, ઝેરી કમળો, જેવા જુદા જુદા રોગો સામે બાળકોને રક્ષણ આપે છે. રાજકોટ જિલ્લામાં રસીકરણ માટે નોટ ફુલી બાળકોનો સર્વે કરી, જે બાળકોએ એક વર્ષ અગાઉ કોઈપણ રસીનો ડોઝ લીધેલ હોય પરંતુ કોઈપણ કારણોસર છેલ્લા એક




વર્ષ દરમ્યાન કોઈપણ રસીનો એકપણ ડોઝ લીધેલ ન હોય તેવા બાળકોનો સર્વે કરવામાં આવ્યો હતો.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પી.કે.સિંઘના જણાવ્યાનુસાર, રાજકોટ જિલ્લામાં કુલ ૫૮૬ બાળકો મળી આવ્યા હતા, જેના રસીકરણ માટે તા. ૩૧.૦૧.૨૩ના રોજ સમગ્ર જિલ્લામાં સ્પેશ્યલ મેગા ડ્રાઇવ કેમ્પેનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૯ સેશનનું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. આ સેશનના પ્લાનિંગ પ્રમાણે ટીમ તૈયાર કરવામાં આવી હતી. આશા વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, એમ.પી.એચ. ડબલ્યુ., આર.બી.એસ.કે., મેડીકલ ઓફિસરની ટીમ દ્વારા વાડી વિસ્તાર, ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર, સ્લમ વિસ્તાર કે જ્યાં રસીકરણમાં છુટી ગયેલ બાળકોનું ૮૪ સેશનમાં ૫૮૬ બાળકોમાંથી ૩૭૫ બાળકોને રસીકરણ કરી રક્ષિત કરવામાં આવ્યા હતા.

# થોરાળા પોલીસ પર પથ્થરમારાની ઘટના બાદ પોલીસે દેશી દારૂના બુટલેગરો પર ઘોંસ બોલાવી

## દેશી દારૂના અડ્ડા પર આથા સાથે ૭,૩૦૦ લીટર જથ્થાનો નાશ કર્યોઃ ૧૦ મહિલા સહિત ૧૬ શખ્સ વિરૂદ્ધ ૧૮ ગુનો નોંધાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુબલીયાપરા સહિત કેટલાક વિસ્તારોમાં લાંબા સમયથી દેશી દારૂનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. જેથી ૬ પોલીસ સ્ટેશનનાં સ્ટાફ દ્વારા કુબલીયાપરા વિસ્તારમાં સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ દરોડા દરમિયાન મહિલાઓ સહિત કુલ ૧૬ લોકો સામે ૧૮ જેટલા ગુનાઓ તેલના ડબ્બામાં ભરેલા ૬,૬૦૦ લીટર આથા સહિત કુલ ૭,૩૦૦ લીટર જેટલા જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

આ પોલીસમાંથી મળતી થોરાળાના પીઆઇ ડીવીઝનના પીઆઇ બારોટ, આજી ડેમ પીઆઇના ચાવડા, કુવાડવાના પીઆઇ અકબરી, ગામીત અને ભક્તિનગરના પીઆઇ સરવૈયા અને તેમની ટીમો દ્વારા કુબલિયાપરામાં આવ્યા હતા. દરોડામાં મહિલા સોલંકીને ૨૦ લીટર દારૂ સહિત ૯૬૦ના મુદ્દામાલ સાથે, લીટર દારૂ સહિત સાથે તેમજ ઉધરેજાને સહીત ૫૨૦ના મુદામાલ રસિકભાઈ સોલંકીને જુદી-જુદી ૧૦ નોંધાયા હતા અને બનાવ અંગે માહિતી અનુસાર ઝણકાત, બી એરપોર્ટના પીઆઈ દરોડા પાડવામાં પરમારને ૨૦ ૧,૨૬૦ના મુદામાલ ૧૦ લીટર દારૂ સાથે, હરેશ ૧૬૦ લીટર સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. ૬ મહિલા સોલંકીને ૨૦૦ દેશીદારૂ સહીત ૫,૬૦૦ના મુદામાલ પોલીસ સ્ટેશનનાં સ્ટાફ દ્વારા ચેકીંગનઅન્ય કેટલીક મહિલા-પુરૂષ પાસેથી દારૂનો જથ્થોનઆ ઉપરાંત અન્ય પરમારને ૭૦ લિટર દેશી દારુ સહિત ૩,૮૦૦ના મુદામાલ સાથે, મહેશ ઉર્ફે બાબો મનોજ દેલવાડીયાને ૬૦ લીટર દેશી દારૂ સહિત ૩,૧૦૦ના મુદામાલ સાથે, મહિલા રાઠોડને ૨૫ લીટર દેશી દારૂ સહિત ૧,૧૬૦ના મુદામાલ સાથે, જનક ભનુભાઈ સોલંકીને ૧૨ લીટર દેશી દારૂ સાથે, મહિલા મકવાણાને ૬૦ લીટર દેશી દારૂ સાથે, પ્રકાશ નાથાભાઈ સોલંકીને ૬૦ લીટર દેશી દારૂ સહિત ૨,૭૬૦ના મુદ્દામાલ સાથે દબોચી લેવાયા હતા. ૧૦ મહિલા સહિત ૧૬ શખસ સામે ગુનાઓ નોંધાયા કુબલીયાપરામાં ૧૮ કેસ નોંધાયાનએટલું જ નહીં કરણ વિનુ સોલંકીને ૭ લીટર દારૂ સાથે, મહિલા વઢવાણીયાને ૭ લીટર દારૂ સાથે, લિટર પ્રવાહી સાથે, મહિલા સોલંકીને ૫ લીટર દેશી દારૂ સાથે, મુકેશ સોલંકીને ૧૫૨૦ લીટર આથા સાથે, મહિલા સોલંકીને ૧૫ લીટર દારૂ સાથે ઝડપી લીધા હતા. આમ પોલીસે કુબલીયાપરામાં ૧૮ કેસ નોંધી ૧૦ મહિલા અને છ પુરુષની ધરપકડ કરી ૭૧૧ લીટર દારૂ, ભઠ્ઠીના સાધનો સહિત ૨૭,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# મોરબીના વીરપરડા ગામ નજીક ઓમ બન્ના હોટેલના પટ્ટામાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા, ડીઝલ ચોરીનાં કૌભાંડનો પર્દાફાશ

## પોલીસકર્મી સહીત ત્રણ શખ્સોની અટક કર્યાની માહિતી સામે આવી

**મુખ્ય સમાર, મોરબી**

SMC એ ગેરકાદેસર ડીઝલનો જથ્થો અને બે ટેન્કર સહિત લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો. મોરબી તાલુકાના વીરપરડા ગામે આવેલ ઓમ બન્ના હોટલમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગેરકાયદે ડીઝલ ચોરીના કૌભાંડ મામલે દરોડા પાડવામાં આવ્યા છે. જ્ખઈના સમગ્ર ઓપરેશનમાં ભાવેશ પરબતભાઈ ધ્રાંગા ઉર્ફે પૂટી મુન્નો રાઠોડ (રહે.નાગડાવાસ) તેમજ ભરત મિયાત્રા પોલીસ કોન્સ્ટેબલ મોરબી તથા હોટલ માલિક શ્રવણસિંહ મારવાડીની સંડોવણી સામે આવી છે તથા તપાસ હજુ ચાલુ હોય તેથી હાલ હજુ સમગ્ર બનાવ મામલે એફઆઈઆર જાહેર કરી નથી. SMC ની ટીમે ગેરકાયદેસરના ડીઝલ







જથ્થો અને ટેન્કર તેમજ એક સ્વિફ્ટ કાર અને નંબર વિનાની મહિન્દ્રા થાર કબજે કરી છે.

હાલ ઓમ બન્ના હોટેલ કોની માલિકીની છે તેમજ અન્ય કોની કોની સંડોવણી છે અને આ ડીઝલ ક્યા ક્યા વહેંચવામાં આવતું હતું તેવા અનેક સવાલોના જવાબ મેળવવા સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા આગળની તપાસ હાથ ધરીને ગુનો નોંધવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

આ દરોડાની જાણ થતા જ મોરબી એલસીબી અને મોરબી તાલુકા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસમાં જોડાઈ હતી.

# કાળીપાટ ગામે તસ્કરોએ દુકાનમાં ચોરી કરી બાઈકમાં આગ આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાળીપાટ ગામે પાનની દુકાનમાં રોકડ અને તમાકુ- સિગારેટ તેમજ દાન પેટી મળી કુલ રૂ.૧૮ હજારની મતાની ચોરી કરી ગયાની તેમજ તેના ઘેર ફરીયામાં બાઈકને આગ ચાપી નાશી ગયાની યુવકે ફરીયાદ કરતા આજીડેમ પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કાળીપાટગામે રહેતા હિતેષભાઈ બાબુભાઈ મોરવાડીયાએ ફરીયાદ કરી હતી જેમા તેને જણાવ્યુ હતુ કે તે રણજીત પાન નામે દુકાન ચલવાતા હોય અને તેનો એક દરવાજો તેના ઘરના ફળીયામાં પડતો હોય શનિવારે રાત્રીના તેના ફળીયામાં પાર્ક કરેલા બાઈકમાં આગ લાગતા તેના પિતાએ તેને જગાડતા તેને પાણી નાખી આગ બુજાવી સુઈ ગયો હોય અને ત્યાર બાદ સવારે તેની દુકાને જવા માટે ફળીયામાંથી જવા જતા દુકાનના તાડા ખુલ્લા હોય તપાસ કરતા દુકાનમાં વેર-વિખેર હોય અને ટેબલના ખાનામાંથી રોકડ રાખેલા રૂ.૧૦ હજાર અને દુકાનમાં રાખેલ દાનપેટીમાંથી રૂ.૨૫૦૦ અને સિગારેટ, ગુટકા, બિસ્કીટ સહીત ૧૮ હજારની મતા ચોરી ગયાનુ જણાવતા તેને દુકાનમાં ચોરી કરી બાઈકને આગ ચાંપીનુકશાન કરનાર તસ્કરો સામે ગુનો નોંધાવતા જમાદાર ધરજીયા સહીતે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# જેતપુરમાં એક શખ્સ વિદેશી દારૂ ભરેલી બોલેરો જીપ સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર સીટી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ચાપરાજપુર રોડ ઉપર વોચ રાખીને બેઠા હતા ત્યારે એક બોલેરો પીકપ વાન નીકળતા તેની તલાસી લેતા તેમાંથી જુદી જુદી બ્રાન્ડ્ની ૭૨૦ બોટલ ઇંગ્લિશ દારૂ કિંમત રૂપિયા આશરે બે લાખ, ૧૦ ૫૬ નંગ બિયર ના ટીન કિંમત રૂપિયા એક લાખ વગેરે મળી આવેલ છે પોલીસે આ અંગે વિજય પુના સાકરીયા રહેવાસી જસદણ વાળા ની ધરપકડ કરી છે અને તેમની પાસે રહેલ બે મોબાઈલ જપ્ત કર્યા છે તથા દારૂની હેરફેરમાં વપરાશમાં લીધેલ બોલેરો પીકપ વાન પણ કબજે કરી છે આમ કુલ સાત લાખ ચૌદ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બનાવમાં બીજો આરોપી નરેન્દ્રસિંહ ઉર્ફે ઉસ્તાદ તનવીર મૂળ રાજસ્થાન નો હાલ જસદણ




કે ફરાર હોય તેની તપાસ ચાલુ છે બાતમીના આધારે આ પકડી પાડેલ વિદેશી પ્રકારના દારૂમાં જેતપુરના પી.આઈ હેરમાં પીએસઆઇ પરમાર ભાવેશભાઈ ચાવડા રાજુભાઈ શામળા સાગરભાઈ જયેશભાઈ રઘુભાઈ અમિતભાઈ ચંદ્રસિંહભાઈ મનદીપભાઈ વગેરે એ કામગીરી બજાવી હતી.

બુટલેગરોએ જેતપુરમાં કે અન્ય સ્થળોએ વિદેશી દારૂની હેરાફેરી માટે હવે બગસરા ચાપરાજપુરનો ગામડાનો રસ્તો પસંદ કર્યો હોવાનું જાણવા મળે છે આ ઈંગ્લીશ દારૂનો જથ્થો કોને મોકલવાન હતો? ક્યાં ડીલીવરી કરવાની હતી તે હવે પોલીસ તપાસમાં બહાર આવશે.

# પડધરીના ન્યારા ગામ પાસે રૂા.૧૦૦ કરોડના ખર્ચે નવી મધ્યસ્થ જેલ બનશે

## મધ્યસ્થ જેલમાં બંદીવાન રમતોત્સવ-૨૦૨૪ના વિજેતા ખેલાડીઓને રાજ્યની જેલોના વડા ડો.કે.એલ.એન. રાવ દ્વારા મેડલ આપી સન્માનીત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે બંદીવાન રમતોત્સવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા બનેલા ખેલાડીઓને રાજ્યની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ દ્વારા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમજ એમ.ટી રમ અને પાસીંગ રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં તેમણે મીડિયા સાથે વાતચીત કરતાં માહિતી આપી હતી કે,રાજકોટની જેલમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓ હોવાથી નવી જેલ બનાવવા માટે થોડા સમય પેલા સરકાર પાસે મંજૂરી માંગવામાં આવી હતી. જે હવે ટુંક સમયમાં મળી જશે અને પડધરીના ન્યારા પાસે રૂ.૧૦૦ કરોડના ખર્ચે નવી જેલ બનાવમાં આવવાની છે.

ડો.કે.એલ.એન.રાવ દ્વારા વધુ માહિતી આપતા જાણવામાં આવ્યું હતું કે,રાજકોટ સહિત આણંદ, બોટાદ, દ્વારકા, સોમનાથ અને ભાવનગર માટે દરખાસ્ત મૂકવામાં આવી છે. જેમાં આનંદમાં મંજૂરી મળતા ત્યાં વર્ષ ૨૦૨૪ માં ૧૫૦૦ કેદીની ક્ષમતા વાળી જેલ તૈયાર થઈ જશે. અને રાજકોટમાં ટુંક સમયમાં મંજૂરી મળી જતાં અહીં પણ કામ શરૂ કરી દેવામાં આવવાનું છે. જ્યારે કાર્યક્રમ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, જેલની અંદર સજા ભોગવતા બંદીવાનો વચ્ચે સદભાવના કેળવાય, રમત-ગમતને પ્રોત્સાહન મળે અને રમતવીર બંદીવાનોના ઉત્સાહમાં વધારો થાય તેવા શુભ આશ્રયથી રાજકોટ જેલના વડા શિવમ વર્માનાઓના માર્ગદર્શન હેઠળ જેલમાં ''બંદીવાન રમતોત્સવ ૨૦૨૪થ નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં કેરમ, ચેસ, વોલીબોલ, રસ્સા ખેંચ અને પોસ્ટકાર્ડ સ્પર્ધાની ટુર્નામેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ચેસમાં ૫૦, કેરમમાં ૧૪૦, રસ્સા ખેંચમા-૭૧, વોલીબોલમાં ૧૫૦ તેમજ પોસ્ટકાર્ડ સ્પર્ધા(મહિલા/પુરૂષ)માં ૩૫ મળી કુલ ૪૪૬ બંદીવાનોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને મેડલ આપવામાં આવ્યા છે. ઉપરાંત ગઇકાલે પસાયકો કેરથનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટમાં સજા ભોગવતા કેદીઓને માનશીક સ્થિતિ નબળી ના બંને તેથી તેનું તબીબો દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# જેતપુરના નવાગઢમાં વિજપોલ પરથી નીચે પડી જતાં વાયરમેનનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, જેતપુર**

વિસ્તારમાં આવેલ વિવેકાનંદ સોસાયટીમાં વિજપોલ પર વાયર રીપેરીંગ કરવા માટે ચડેલ એક વાયરમેન વિજપોલ પરથી અકસ્માતે પડી જતા તેનું માથું ફાટી જવાથી મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ શહેરના બળદેવધાર વિસ્તારમાં રહેતા ભીમજીભાઈ રાઠોડ ઉવ ૫૫ નામના પ્રૌઢ વર્ષોથી વીજ રીપેરીંગનું છૂટક કામ કરે છે. જેમાં આજે નવાગઢના વિવેકાનંદ સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે જ ત્યાં એક પોલ પરથી વીજ વાયર નીચે લટકી રહ્યો હતો. ત્યારે આ વીજ વાયર રીપેરીંગ કરવા માટે ભીમજીભાઈ વિજપોલ પર ચડયા હતાં. અને વાયર



રીપેર કરતા હતા તેવા તેઓને વીજ કરંટ લાગતા અઠવ તો તેઓને ચક્કર આવતા તેઓ વીજ પોલ પરથી સીધા જમીન પર નીચે પટકાયા. અને નીચે જમીન સિમેન્ટ રોડની હોય તેઓનું માથું નીચે ટકરતા માથું ફાટી ગયું અને ત્યાં લોહીની ધારાઓ વહેવા લાગી અને ભીમજીભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. આ બનાવમાં પોલીસે હાલ અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના બજાણા ગામ પાસે ક્રેટા કારમાં વિદેશી દારૂની ૬૭૮ બોટલ સાથે ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

સુરેન્નગરના બજાણા ગામથી માલવણ તરફના રોડ પર ગતરાત્રીના સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના પીએસઆઈ એ.વી.પટેલ સહિતના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન ક્રેટા ફોરવ્હીલ કારને અટકાવી વિદેશી દારૂની ૬૭૮ બોટલ કિંમત રૂપિયા ૨ લાખ સાથે રાજસ્થાનનો મંગીલાલ બિલારામ બિસ્નોઈ,




દિનેશ કુમાર ભગરાજ બિસ્નોઈ, કૈલાશ હરીરામ બિસ્નોઈ નામના ત્રણ રાજસ્થાની શખ્સોની ધરપકડ કાર સહિત રૂપિયા ૧૨.૨૬ લાખનો મુમાલ કબજે કરી ઝડપાયેલા ત્રણેય શખ્સોની આકરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનથી રમેશ કાલુરામ બિસ્નોઈ અને તેનો ભાગીદાર રાજુ પારખા રબારીએ મોકલાવ્યો હોય અને દારૂનો જથ્થો ચોટીલાનો બુટલેગર લેવા આવવાનો હોવાની કબૂલાત આપતા એસએમસીની ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

# તાલાલાના રામપર ગામે દીપડાએ વાછરડાનું મારણ કરી સરપંચના ઘરમાં ઘુસી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાલાલાનાં રામપરા ગામના સરપંચ જગદીશભાઈ તળાવીયાના ઘરે વહેલી સવારે ઘુસી જઈ ઘરના ફળીયામાં બાંધેલા વાછરડાનું મારણ કરતા પરિવારજનો ભયભીત થઈ ગયા હતા.

આ બનાવની જાણ થતાં રેસ્કયુ સામગ્રી લઇ તાલાલા આર.એફ.ઓ. કે.એન.ખેર, વનપાલ પ્રવિણભાઈ વાળા ટીમ સાથે બનાવનાં સ્થળે દોડી ગયા હતા.વનવિભાગની દોઢ કલાકની જહેમત બાદ વાછરડાનું મારણ કરી પડતર મકાનના માળીયા ઉપર ચડી ગયેલ દિપડાને વેટરનરી



ડો.વાઢેર દ્વારા બેભાન કરી પકડી પાડતાં ભયભીત ગ્રામજનોએ રાહત અનુભવી હતી. વનવિભાગે પકડાયેલ દિપડાને સાસણ ગીર ખાતે એનિમલ કેર સેન્ટરમાં મોકલી આપ્યો હતો.તાલાલા વિસ્તારમાં માનવવસ્તી તરફ હિંસક દિપડાનું વધી ગયેલ પરિભ્રમણ સામે વનવિભાગ ઘનિષ્ઠ પેટ્રોલિંગ સાથે ઠોંસ કાર્યવાહી કરી ભયભીત ગ્રામીણ પ્રજા તથા ખેડૂતોનો ભય દુર કરે તેવી પ્રબળ લોક માંગણી ઉઠી છે.

# ઉપલેટામાં ધરારપ્રેમી સહિત બે શખ્સોએ યુવતીના નગ્ન ફોટા સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા

## બ્યુટીપાર્લરની સંચાલીકાએ સંબંધ તોડી નાખતા પ્રેમી સાથેના ફોટા મોબાઈલમાં મેળવી પીતરાઈ ભાઈઓએ કારસ્તાન રચ્યુંઃયુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી સોશ્યલ મીડિયા પર એકાઉન્ટ બ્લોક કર્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

સોશ્યલ મીડિયાના માધ્યમથી લોકો સદઉપયોગ કરી ધંધારોજગારને સારી રીતે વિકસાવી આર્થિક લાભ મેળવી શકે છે પરંતુ કેટલાક નફટ અને નઠારા શખ્સો આ સોશ્યલ મીડિયાનો દૂરઉપયોગ કરી કોઈની જિંદગી નર્ક બનાવી નાખતા હોય તેવું ભૂતકાળમાં અનેકવાર બહાર આવ્યું છે ત્યારે ઉપલેટામાં પણ આવોજ એક કિસ્સો પ્રકાશમાં આવતા ભારે ઓહાપો મચી જવા પામ્યો છે.

બ્યુટીપાર્લરનું કામ કરતી ૨૨ વર્ષીય યુવતીએ પ્રેમ સંબંધ નહીં રાખતા ધરાર પ્રેમી સહિત બે શખ્સોએ યુવતીના નગ્ન ફોટા સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા પોલીસે ગુનો નોંધી બંને પીતરાઈભાઈઓની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ઉપલેટા પંથકમાં રહેતી એક ૨૨ વર્ષીય યુવતીએ ઉપલેટા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેણીને નાગોદર ગામના એક યુવાન સાથે પ્રેમ સંબંધ હોય પરંતુ વરજાંગ જાળીયા ગામનો વિશાલ વિક્રમ ચનુરા સાથે અગાઉ પ્રેમ સંબંધ હોય ત્યારે આ શખ્સે એનકેન પ્રકારે તેના મોબાઈલમાંથી યુવક અને યુવતીના નગ્ન ફોટા બ્લુટુથથી લઈ લીધા હોય ત્યારબાદ યુવતીએ વિશાલ સાથે સંબંધ નહીં રાખતા આ શખ્સે પોતાની સાથે પ્રેમસંબંધ રાખવા દબાણ કરી પ્રેમીયુગલના નગ્ન ફોટા વિશાલ વિક્રમ ચનુરા અને પિતરાઈ ભાઈ ભરત રાયમલ સોલંકીએ સોશ્યલ મીડિયાના માધ્યમથી પોતાના ફેસબુક એકાઉન્ટમાં વાયરલ કરી યુવતીને બરબાદ કરી નાખવા પ્રયાસ કર્યો હોય જેના પગલે આ બંને શખ્સો વિરૂધ યુવતીએ ઉપલેટા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ કે.કે.જાડેજાએ કાર્યવાહી હાથ ધરી વિશાલ અને ભરતની ધરપકડ કરી હતી.

# શુભમ પાર્કમાં જુગારી પતિ અને સાસુના ત્રાસની મહિલા પોલીસમાં પરિણીતાએ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયારોડ પર માવતરના ઘેર રહેતી પરણીતાને જુગારીયા પતિ અને સાસુ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ શુભમ પાર્કમાં પાણીના ટાંકા પાસે અને હાલ રૈયા રોડ પર જ્ઞાનજીવન સોસાયટીમાં માવતરના ઘેર રહેતા કાજલબેન ધીલનભાઈ રાઠોડએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે પતિ ધીલન રાજેશભાઈ રાઠોડ અને સાસુ અંજનાબેનના નામો આપ્યા હતા.

ફરીયાદમાં જણાવ્યુ હતુ કે બી.એ.એનો અભ્યાસ બાદ બે વર્ષ પહેલા તેના લગ્ન ધીલન સાથે થયા હતા પતિને ઓન લાઈન જુગાર રમવાની કુટેવ હોય બે માસ બાદ ઝગડાઓ શરૂ કર્યા હતા અને ઘરમાં કાંઈ પૈસા આપતો ન હોય અને માંગી તો સાસુ કહેતા કે પતિ કાંઈ આપતો ન હોય તુ ગમે ત્યા નોકરી કરી મને પૈસા આપજે કહી મેણા મારતા હોય તેમજ તેને મારા દાગીના સાચવવા આપેલ હોય જે પ્રસંગમાં પહેરવા માટે માંગતી તો તારા પિતાના ઘેરથી લઈ આવ કહી ઝગડાઓ કરતા હતા જેથી મારા પિતાના ઘેર જઈ સોનાનો ચેઈન લઈ આવી હોય તે કબાટમાં રાખતા પતિએ ચેઈન લઈ ગીરવે મુકી દેતા મે તેને વાત કરતા લગ્નનો ખર્ચ વધુ થઈ ગયો હોય અને નવુ મકાન લીધુ તેના માટે પૈસાની જરૂર હોય ગીરવે મુકી દિધાનુ જણાવ્યુ હતુ અને આમા તને પુછવાનુ ન હોય અને પતિ કહેતા તારા માવતરના ઘેરથી પૈસા લઈ આવ જેથી તેને પિતાને વાત કરતા તેના પિતાએ રૂ.૫૦ હજાર આપ્યા હતા જે પૈસા પાછા માંગતા કોઈ જવાબ આપેલ નહી અને પતિ અન્ય સ્ત્રી સાથે ફોનમાં વાતો અને મેસેજ કરતા હોય જેની જાણ થતા તેને સાસુને વાત કરતા તેને મને કહેલ કે તારા કારણે આ બધુ થાય છે. તુ મારા દિકરાને સાચવતી નથી અટલે અન્ય સ્ત્રી પાસે જાય છે. બાકી આવુ કયારે કરતો નથી કહી હેરાન કરતા અને અવાર-નવાર કાઢી મુકતા હોય જેથી કંટાળી જઈ માવતરે આવી ફરિયાદ કર્યાનુ જણાવતા જમાદાર પરમારે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.